વારસિયા રોડ પર કાંસ પર કથિત દબાણ મુદ્દે વિવાદ ગરમાયો

વોર્ડ નં. ૬ ના સંજય નગરમાં ચાલતા બાંધકામ સામે યુથ કોંગ્રેસ આક્રમક; સ્થળ તપાસની માગણી

કાંસના કુદરતી પ્રવાહમાં અવરોધ ઊભો થવાની અને તેની જાળવણીમાં અડચણ આવવાની પૂરેપૂરી શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા તા.19

વડોદરા શહેરના વારસિયા રોડ પર આવેલા સંજય નગર વિસ્તારમાં ચાલતા બાંધકામ દરમિયાન વિશ્વામિત્રી કાંસની જમીન પર કથિત દબાણ કરવામાં આવ્યું હોવાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. વડોદરા સિટી યુથ કોંગ્રેસના પ્રમુખ પવન ગુપ્તા દ્વારા આ અંગે વડોદરા મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરીને તાત્કાલિક કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી છે.

રજૂઆત અનુસાર, શહેરના વોર્ડ નંબર ૬ માં આવેલ સંજય નગર, વારસિયા રોડ ખાતે 'સાંઈ રૂચી' અને 'DMC ઈન્ફ્રા' નામની નવી સ્કીમોનું બાંધકામ ચાલી રહ્યું છે. આ બાંધકામ દરમિયાન સંબંધિત બિલ્ડરો દ્વારા સંગમ-વારસિયા રોડ પાસે આવેલી વિશ્વામિત્રી કાંસની જમીન પર દબાણ કરી કાંસની જગ્યા પર કબજો કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાની બાબત ધ્યાને આવી છે. યુથ કોંગ્રેસે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, કાંસ પરના આ પ્રકારના ગેરકાયદે દબાણને કારણે જાહેર મિલકતને મોટું નુકસાન થઈ રહ્યું છે. આ ઉપરાંત, કાંસના કુદરતી પ્રવાહમાં અવરોધ ઊભો થવાની અને તેની જાળવણીમાં અડચણ આવવાની પૂરેપૂરી શક્યતા છે, જે મહાનગરપાલિકાના નિયમોની દ્રષ્ટિએ અત્યંત ગંભીર બાબત છે.

દરવાજાનો નકુચો તોડી તિજોરી અને લોકર ફંફોસ્યાં

ગોત્રીના બંધ ફ્લેટમાં તસ્કરોનો હાથફેરો, રૂ. ૯.૨૧ લાખની મત્તા ચોરી

સોના-ચાંદીના દાગીના, રૂ. 1.25 લાખ રોકડા અને 2,500 અમેરિકન ડોલર પણ ગાયબ

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં તસ્કરોએ બંધ ફ્લેટને નિશાન બનાવી લાખો રૂપિયાની મત્તા પર હાથફેરો કર્યો હતો. અયપ્પા ટેમ્પલ પાસે આવેલા હેલી એવન્યુના ફ્લેટ નંબર 204ના મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘૂસેલા તસ્કરો બેડરૂમમાં આવેલી તિજોરી અને લોકરમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ અને વિદેશી ચલણ ચોરી કરીને ફરાર થઈ ગયા હતા.

આ બનાવમાં રૂ. 9.21 લાખની મત્તા ઉપરાંત 2,500 અમેરિકન ડોલરની ચોરી થતાં પોલીસ દોડતી થઈ છે. ગોત્રી વિસ્તારમાં હેલી એવન્યુમાં રહેતાં ફાલ્ગુનીબેન મુકેશ વિશ્વાસરાવ ચવાન (ઉં.વ. 51)ના પરિવારનો ફ્લેટ નંબર 204માં કિંમતી દાગીના અને અન્ય સામાન રાખવામાં આવ્યો હતો. તેમના પતિ કોંગો ખાતે નોકરી કરતા હોવાથી ગત 10 ઓક્ટોબરે વડોદરા આવ્યા બાદ રવિવારે અમદાવાદ ગયા હતા.દરમિયાન ફ્લેટ બંધ હોવાનો લાભ ઉઠાવી તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો હતો. ફાલ્ગુનીબેન 18 ઓક્ટોબરે બપોરે આશરે સવા બાર વાગ્યે પુત્રનો ઝભ્ભો લેવા ફ્લેટ નંબર 204માં પહોંચ્યાં ત્યારે મુખ્ય દરવાજાનો નકુચો તૂટેલો અને દરવાજો ખુલ્લો જોવા મળ્યો હતો.

કંકુપાગલા ખાતે સિગ્મા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની સિદ્ધિ

ગુજરાતી લોકનૃત્યથી જીવંત કરી મા મહાકાળીની શક્તિ અને વિજયગાથા

ઘડા નૃત્ય, ગરબા, થાળી નૃત્ય અને ડાંડિયાના સમન્વયથી રક્તબીજ વધની પૌરાણિક કથાની પ્રભાવશાળી રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

સિગ્મા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ કંકુપાગલા ખાતે યોજાયેલા નવરાત્રિ મહોત્સવમાં તા. ૧૭ અને ૧૮ ઓક્ટોબરના રોજ 'મા મહાકાળી : મહાકાળી વિરુદ્ધ રક્તબીજ' વિષય પર આધારિત નૃત્ય પ્રસ્તુતિ રજૂ કરી હતી. ગુજરાતી લોકસંસ્કૃતિ, સંગીત અને પૌરાણિક કથાના સુંદર સમન્વયથી વિદ્યાર્થીઓએ સાહસ, શક્તિ અને અનિષ્ટ પર સારપના વિજયની ગાથાને જીવંત બનાવી હતી.

રક્તબીજ નામના રાક્ષસની પૌરાણિક કથા પર આધારિત આ પ્રસ્તુતિમાં દર્શાવવામાં આવ્યું હતું કે રક્તબીજના લોહીનું એક પણ ટીપું જમીન પર પડતાં તેમાંથી બીજો રાક્ષસ ઉત્પન્ન થતો હતો. તેને પરાજિત કરવો મુશ્કેલ બનતાં મા મહાકાળીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને તેનો સંહાર કર્યો હતો. વિદ્યાર્થીઓએ શક્તિશાળી નૃત્યમુદ્રાઓ, નાટ્યાત્મક દશ્યો અને સુમેળભર્યા અભિનય દ્વારા આ કથાને અસરકારક રીતે રજૂ કરી હતી.પ્રસ્તુતિનું વિશેષ આકર્ષણ ગુજરાતી લોકનૃત્યનાં ચાર સ્વરૂપો-ઘડા નૃત્ય, ગરબા, થાળી નૃત્ય અને ડાંડિયાનો સમન્વય હતો. દરેક નૃત્યશૈલીએ કથાને નવો રંગ આપ્યો હતો. વિદ્યાર્થીઓની મહેનત, સતત અભ્યાસ, સર્જનાત્મકતા અને ટીમવર્ક રજૂઆતમાં સ્પષ્ટપણે જોવા મળ્યાં હતાં. સિગ્મા યુનિવર્સિટી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપે છે અને શૈક્ષણિક અભ્યાસની સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સંગીત, નૃત્ય તથા રમતગમતમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે છે. યુનિવર્સિટીનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વિકસાવવા, તેમની પ્રતિભાને પ્રોત્સાહન આપવા અને વર્ગખંડની બહાર પણ નવી તકો પૂરી પાડવાનો છે. કંકુપાગલા ખાતેની આ પ્રસ્તુતિ વિદ્યાર્થીઓને પોતાની કળા વિશાળ પ્રેક્ષકવર્ગ સમક્ષ રજૂ કરવાની તક બની હતી. પરંપરાગત કથામાં આધુનિક ઊર્જા અને સર્જનાત્મકતાનો ઉમેરો કરીને તેમણે પ્રેક્ષકો સમક્ષ યાદગાર રજૂઆત કરી હતી.

ચોટલા ખેંચી થપ્પડોનો માર, ગરબા મેદાન બહાર યુવકોની મથામણમાં યુવતીઓ બાખડી

ગરબા મેદાનોમાં બબાલ યથાવત, યુવતીઓ વચ્ચે મારામારી થઈ

ગરબા રમવા આવેલા અન્ય ખેલૈયાઓમાં પણ ભારે કુતૂહલ સર્જાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

વડોદરામાં નવરાત્રી હવે પૂર્ણતાના આરે છે, છતાં ગરબા મેદાનોમાં મારામારી અને બબાલની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. શહેરમાં વધુ એક વખત ગરબા મેદાનમાં મારામારીની ઘટના સામે આવી છે, જેમાં આ વખતે યુવતીઓ એકબીજા સાથે બાખડી પડી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર વીએનએફ ગરબા મેદાન બહાર યુવકો વચ્ચે કોઈ બાબતે મથામણ ચાલી રહી હતી. તે દરમિયાન તેમની સાથે આવેલી યુવતીઓ વચ્ચે પણ બોલાચાલી થઈ હતી. જોતજોતામાં શાબ્દિક ટપાટપી ઉગ્ર બની હતી અને યુવતીઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. ઘર્ષણ દરમિયાન યુવતીઓએ એકબીજાના ચોટલા ખેંચી જાહેરમાં થપ્પડોનો માર માર્યો હતો.

આ દ્રશ્ય જોઈ ગરબા રમવા આવેલા અન્ય ખેલૈયાઓમાં પણ ભારે કુતૂહલ સર્જાયું હતું. નોંધનીય છે કે આ પ્રકારની યુવતીઓ વચ્ચે મારામારીની આ બીજી ઘટના છે, અગાઉ પણ આવી ઘટના સામે આવી ચૂકી છે. જોકે મામલો વધુ વણસે તે પહેલા આસપાસ ઉભેલા અન્ય ખેલૈયાઓ અને આયોજકોએ વચ્ચે પડી મધ્યસ્થી કરી બબાલ કરી રહેલી યુવતીઓને છોડાવી હતી અને બંને પક્ષોને શાંત પાડ્યા હતા.

રીક્ષાને બચાવવા જતા નુકસાની વેઠવાની ફરજ પડી

હરિનગર બ્રિજ પર કાર ડિવાઈડર પર ચડી જતા ચક્કાજામ સર્જાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

વડોદરાના હરિનગર બ્રિજ પર અકસ્માતની ઘટના બનતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ગોત્રીથી નટુભાઈ સર્કલ તરફ જતા હરિનગર બ્રિજ પર એક જતી એક કાર અચાનક ડિવાઈડર પર ચડી ગઈ હતી. જેમાં રીક્ષાને બચાવવા જતા અકસ્માત સર્જાયો હતો. કાર ચાલક સામાન્ય ગતિએ જઈ રહ્યો હતો, ત્યારે સામે અચાનક રીક્ષા આવી જતા રીક્ષાને બચાવવા જતા ચાલકે સ્ટીયરિંગ ઘુમાવ્યું હતું. જેના કારણે કાર પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર સીધી ડિવાઈડર પર ચડી ગઈ હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ મોટી જાનહાનિ થઈ નથી, પરંતુ ડિવાઈડરને ભારે નુકસાન પહોંચ્યું છે અને કારના આગળના ભાગે પણ નુકસાન થયું છે.

હાલ નવરાત્રીના તહેવારને લઈ શહેરના તમામ માર્ગો પર ટ્રાફિકનું ભારે ભારણ જોવા મળી રહ્યું છે, ત્યારે આ અકસ્માતને પગલે હરિનગર બ્રિજ પર બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતા ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોંચી હતી અને ક્રેઈનની મદદથી ડિવાઈડર પર ચડેલી કારને હટાવી ટ્રાફિક હળવો કરવામાં આવ્યો હતો.

સદનસીબે કોઈ જાનહાની નહીં

જૂના પાદરા રોડ પર મનીષા ચોકડી પાસે અચાનક ઝાડ પડવાથી સર્જાયો ટ્રાફિકજામ

ખેલૈયાઓને હાલાકી ન પડે તે માટે ફાયર બ્રિગેડની ટીમ ત્વરિત કામે લાગી

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા શહેરમાં નવરાત્રીના પર્વની ઉત્સાહભેર ઉજવણી ચાલી રહી છે, ત્યારે તે દરમિયાન જૂના પાદરા રોડ પર બનેલી એક આકસ્મિક ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા શહેરના જૂના પાદરા રોડ પર ટ્યુબ કંપની પાસે, મનીષા ચોકડી તરફ જતા મુખ્ય માર્ગ પર અચાનક એક મોટું વૃક્ષ ધરાશાયી થયું હતું. આ વૃક્ષ રસ્તા પર જ પડી જતા માર્ગ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા અને રસ્તાની એક તરફનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ વાસણા ફાયર બ્રિગેડની ટીમ ત્વરિત ગતિએ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. હાલ નવરાત્રીનો પવિત્ર અને ઉત્સાહનો માહોલ ચાલી રહ્યો છે, જેથી મોડી રાત્રે ગરબા રમીને પોતાના ઘરે પરત ફરી રહેલા ખેલૈયાઓ તેમજ અન્ય રાહદારીઓ અને વાહનચાલકોને કોઈ પણ પ્રકારની હાલાકી કે મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે ફાયર વિભાગ દ્વારા અત્યંત ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે પોતાની કુશળતા અને સૂઝબૂઝ દાખવીને રસ્તા પર પડેલા વિશાળ વૃક્ષને તાત્કાલિક કાપીને બાજુ પર હટાવ્યું હતું. આ ઝડપી કામગીરીના પરિણામે ટૂંક સમયમાં જ માર્ગને ફરીથી વાહનવ્યવહાર માટે પૂર્વવત ખુલ્લો કરી દેવામાં આવ્યો હતો, જેના કારણે અવરજવર કરતા હજારો વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ અકસ્માત અંગે વાત કરતા ફાયર જવાન કિરીટભાઈ ચંદુભાઈ ભાલિયાએ જણાવ્યું હતું કે, નવરાત્રીનો સમય ચાલી રહ્યો હોવાથી અટલ બ્રિજ પાસે ઝાડ પડી ગયા હોવાની માહિતી મળતા જ અમારી ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી.

યુવકને જમણા પગમાં સોજો આવ્યો

કારેલીબાગમાં અજાણ્યા જીવજંતુએ ડંખ મારતા યુવાન સારવાર હેઠળ

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

શહેરમાં ફરી એકવાર ઝેરી કે અજાણ્યા જીવજંતુઓનો ત્રાસ સામે આવ્યો છે. કારેલીબાગ વિસ્તારમાં મન્સૂરી કબ્રસ્તાન પાસે રહેતા ૨૪ વર્ષીય યુવાન સેફિલ ફિરોઝ વ્હોરાને અજાણ્યા જીવજંતુએ કરડી લેતા તેમના જમણા પગમાં સોજો આવી ગયો છે. યુવાનની તબિયત લથડતાં તાત્કાલિક ધોરણે તેને સારવાર માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

કારેલીબાગના મન્સૂરી કબ્રસ્તાન વિસ્તારમાં રહેતા સેફિલ ફિરોઝ વ્હોરા (ઉં.વ. ૨૪) કબ્રસ્તાનમાં હતા, તે દરમિયાન અચાનક કોઈ અજાણ્યા અને કદાચ ઝેરી જીવજંતુએ તેમને ડંખ માર્યો હતો. શરૂઆતમાં સામાન્ય લાગતી આ ઘટના થોડી જ વારમાં ગંભીર સ્વરૂપ ધારણ કરી ગઈ હતી, કારણ કે જીવજંતુના કરડ્યાની જગ્યાએ તેમના જમણા પગમાં અસહ્ય પીડા સાથે સોજો આવ્યો હતો. યુવાનના પગમાં અચાનક આવેલો સોજો અને દુખાવો જોઈને પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયા હતા. પરિસ્થિતિની ગંભીરતાને પારખીને પળનો પણ વિલંબ કર્યા વગર પરિવારજનોએ સેફિલને ત્વરિત સારવાર માટે શહેરની સયાજી હોસ્પિટલ ખાતે પહોંચાડ્યા હતા. હાલ હોસ્પિટલના તબીબો દ્વારા યુવાનની મોનિટરિંગ હેઠળ કાળજીપૂર્વક સારવાર શરૂ કરવામાં આવી છે .

અમદાવાદ નજીકના સાંતેજ- રાચરડામાં મંડળી ગરબામાં પ્રવેશ મુદ્દે બબાલ

તલવાર-લાકડીઓ સાથેના યુવકોનો વીડિયો વાયરલ

અમદાવાદઃ અમદાવાદ નજીક સાંતેજમાં યોજાયેલા 'મંડળી ગરબા' મહોત્સવમાં રવિવારે રાત્રે કેટલાક ખૈલયાઓનો ગરબામાં પ્રવેશના મુદ્દે સિક્યોરિટી ગાર્ડ સાથે વચ્ચે ઉગ્ર બબાલ થતાં ગરબા મેદાનમાં અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનાના વાયરલ થયેલા વીડિયોમાં કેટલાક યુવકો તલવાર અને લાકડીઓ સાથે જોવા મળતાં ખેલૈયાઓ અને મહિલાઓમાં ગભરાટ ફેલાયો હતો. આ ઘટનામાં ગરબા આયોજકો દ્વારા રોકડ ભરેલી બેગ ચોરાઈ હોવાના આક્ષેપો પણ થયા હતા,

શહેરની નજીક સાંતેજ-રાંચરડામાં યોજાયેલા 'મંડળી ગરબા' મહોત્સવમાં રવિવારે રાત્રે કેટલાક યુવકોનો ગરબમાં પ્રવેશ કરવાના મુદ્દે સિક્યોરિટી ગાર્ડ અને યુવકોના જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી થયા બાદ મામલો બિચક્યો હતો. અને બંને જૂથો સામસામે આવી ગયા હતા. જેમાં સિક્યુરિટી ગાર્ડ દ્વારા હાથમાં ધોકા, તલવાર અને લાકડીઓ સાથે હુમલો કર્યો હતો, આ ઘટનાની વિડીયો પણ વાયરલ થયા છે. આ મામલે ગરબા આયોજકોએ યુવકોએ લૂંટ કરી હોવાનો આક્ષેપ કર્યો હતો. આ ઘટનાની જાણ થતાં સાંતેજ પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે તપાસ હાથ ધરી હતી. પોલીસે આયોજકોની પણ પૂછપરછ કરી સમગ્ર ઘટનાની હકીકત જાણવા પ્રયાસ શરૂ કર્યા છે. એક તરફ આયોજકો તરફથી રોકડ ભરેલી બેગ ચોરાઈ હોવાના આક્ષેપો થઈ રહ્યા છે, જ્યારે બીજી તરફ પોલીસે ચોરી અને લૂંટની વાતને નકારી કાઢતાં સમગ્ર મામલે તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થશે. પોલીસે સીસીટીવી ફુટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

સંસ્કૃત ભારતી દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત

માંજલપુર વિસ્તારમાં સામૂહિક સ્વચ્છતા અભિયાન શરૂ કરાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

સંસ્કૃત ભારતી, વડોદરાના સંયોજક સતીશભાઈ રબારીના માર્ગદર્શન હેઠળ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત માંજલપુર વિસ્તારમાં સામૂહિક સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ ફેલાવવાનો, સમાજમાં સેવાભાવ વિકસાવવાનો તથા સ્વચ્છ અને સુંદર ભારતના નિર્માણમાં યોગદાન આપવાનો છે.

સંસ્કૃત ભારતીના કાર્યકરો દર રવિવારે વડોદરાના વિવિધ વિસ્તારોમાં એકત્રિત થઈ સામૂહિક સ્વચ્છતા સહિતની સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજસેવાનું કાર્ય કરી રહ્યા છે. આ પ્રવૃત્તિઓના માધ્યમથી "સ્વચ્છ ભારત, શિક્ષિત ભારત" ના સંકલ્પને સાકાર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ અભિયાન દ્વારા નાગરિકોમાં સ્વચ્છતા, સામાજિક જવાબદારી અને રાષ્ટ્રસેવાની ભાવનાને પ્રોત્સાહન મળી રહ્યું છે. સંસ્કૃત ભારતીના કાર્યકરોનો આ સેવાયજ્ઞ સમાજ માટે પ્રેરણારૂપ બની રહ્યો છે.

૪૦થી વધુ વિદ્યાર્થીઓએ પ્રાણીઓની દેખભાળ

નવસારી કૃષિ યુનિવર્સિટીના ફોરેસ્ટ્રી કોલેજના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

વન્યજીવ સંરક્ષણ, પ્રાણી સંગ્રહાલય વ્યવસ્થાપન અને શૈક્ષણિક જ્ઞાન મેળવવાના હેતુથી નવસારી કૃષિ યુનિવર્સિટી અંતર્ગત આવતી કોલેજ ઓફ ફોરેસ્ટ્રીના ૪૦ કરતા વધુ વિદ્યાર્થીઓએ આજે વડોદરાના જાણીતા અને ઐતિહાસિક સયાજીબાગ પ્રાણી સંગ્રહાલયની વિશેષ મુલાકાત લીધી હતી. આ શૈક્ષણિક મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને પુસ્તકીય જ્ઞાનની સાથે વ્યવહારુ અને પ્રાયોગિક અનુભવ પૂરો પાડવાનો હતો. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ પ્રાણીસંગ્રહાલયમાં રહેતા વન્યજીવોના કુદરતી નિવાસસ્થાન, તેમના ખોરાક તેમજ રહેણીકરણી વિશે ઊંડાણપૂર્વક અને રસપ્રદ માહિતી મેળવી હતી. પ્રાણી સંગ્રહાલયના નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને વન્યજીવ સંરક્ષણના મૂળભૂત હેતુઓને ધ્યાનમાં રાખીને, લુપ્ત થતી પ્રજાતિઓના સંરક્ષણ માટે ઝૂ દ્વારા કરવામાં આવતી પ્રાણીઓની વિશેષ દેખભાળ, તેમના આરોગ્યની જાળવણી અને પાંજરાના આધુનિક વ્યવસ્થાપનની પ્રક્રિયા વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વધુમાં, વિવિધ શૈક્ષણિક અને લોકજાગૃતિના કાર્યક્રમો દ્વારા પર્યાવરણનું સંતુલન જાળવવામાં વન્યજીવોનું કેટલું મોટું મહત્ત્વ છે તે પણ વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું.

વડોદરામાં ૨૦૦ ખાદ્ય વ્યવસાયકારોનો FoSTaC તાલીમ કાર્યક્રમ સંપન્ન

તાલીમાર્થીઓને વિનામૂલ્યે હાઇજીન કિટ અને ફૂડ સેફ્ટી સર્ટિફિકેટ એનાયત કરાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

વડોદરા જિલ્લાના નાગરિકોને શુદ્ધ, આરોગ્યપ્રદ અને સુરક્ષિત આહાર મળી રહે તેવા ઉમદા આશય સાથે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, વડોદરા જિલ્લાના સહયોગથી Nestl ઇન્ડિયાના આર્થિક સૌજન્યથી NASVI એજન્સી દ્વારા સ્ટ્રીટ ફૂડ વેન્ડર્સ માટે બે દિવસીય વિનામૂલ્યે 'ફૂડ સેફ્ટી ટ્રેનિંગ એન્ડ સર્ટિફિકેશન' (FoSTaC) તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા જિલ્લાના જુદા-જુદા વિસ્તારોમાં યોજાયેલા આ વિશેષ તાલીમ સત્રમાં અંદાજે ૨૦૦ જેટલા નાના ખાદ્ય વ્યવસાયકારોએ (FBOs) ઉત્સાહભેર ભાગ લઈ ગુણવત્તાયુક્ત માર્ગદર્શન મેળવ્યું હતું. આ દ્વિ-દિવસીય તાલીમ કાર્યક્રમ અંતર્ગત પ્રથમ ચરણમાં ગત તા. ૧૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ડભોઈ તાલુકાના ચાણોદ સ્થિત શ્રી વત્સ ભવન, બાલાજી મંદિર, ચક્રપાણી ઘાટ ખાતે શિબિર યોજાઈ હતી. જ્યારે બીજા ચરણમાં તા. ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ વાઘોડિયા ખાતે પારુલ યુનિવર્સિટી નજીક આવેલ તંદુર હોલ ખાતે તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને નિયત સ્થળોએ ૧૦૦-૧૦૦ વેપારીઓ મળી કુલ ૨૦૦ ખાદ્ય વ્યવસાયકારોએ ઉપસ્થિત રહીને આ પ્રોફેશનલ તાલીમનો લાભ લીધો હતો.

મકરપુરા GIDCમાં વરસાદી કાંસમાંથી ૧૯ વર્ષીય યુવતીનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

વડોદરાના મકરપુરા GIDC વિસ્તારમાં વરસાદી કાંસમાંથી 19 વર્ષીય યુવતીનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ છે. યુવતીનું મોત કયા સંજોગોમાં થયું અને તે કાંસમાં કેવી રીતે પડી તે અંગે રહસ્ય ઘેરાયું છે. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી દોઢ કલાકની જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યો હતો. આ ઘટનાને પગલે વરસાદી કાંસની આસપાસની સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊઠ્યા છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, કાંસની બાજુમાં ચાલવા માટેની જગ્યા હતી, પરંતુ કંપનીઓનાં કથિત દબાણોને કારણે તે બંધ થઈ ગઈ છે. જોકે, આ આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. યુવતીના મોત અને કથિત દબાણો વચ્ચે કોઈ સંબંધ છે કે નહીં તે તપાસનો વિષય છે. હવે તંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થા અને દબાણો અંગે શું કાર્યવાહી થાય છે તેના પર સૌની નજર છે.

વડોદરાના ક્રિકેટર ભાર્ગવ ભટ્ટનું ભાજપ કાર્યાલય ખાતે સન્માન

કારકિર્દીની ૧૦૦મી રણજી મેચ રમી રહેલા ભાર્ગવ ભટ્ટને સાલ ઓઢાડી અને મોમેન્ટો આપી સન્માનિત કરાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.19

વડોદરાનું ગૌરવ અને ક્રિકેટ ક્ષેત્રે પોતાની પ્રતિભા દ્વારા આગવી ઓળખ ઊભી કરનાર ક્રિકેટર ભાર્ગવ ભટ્ટનું ભારતીય જનતા પાર્ટી, વડોદરા મહાનગર કાર્યાલય ખાતે સન્માન કરવામાં આવ્યું હતું. ભાર્ગવ ભટ્ટ પોતાની કારકિર્દીની ૧૦૦મી રણજી ટ્રોફી મેચ રમી રહ્યા હોવાના અવસરે આ સન્માન સમારોહ યોજાયો હતો.

ભાજપ વડોદરા મહાનગરના અધ્યક્ષ ડો. જયપ્રકાશ સોનીએ ભાર્ગવ ભટ્ટને સાલ ઓઢાડીને તથા મોમેન્ટો અર્પણ કરીને તેમનું સ્વાગત અને સન્માન કર્યું હતું.

ક્રિકેટ ક્ષેત્રે લાંબી કારકિર્દી દરમિયાન ૧૦૦મી રણજી મેચ સુધી પહોંચવું ખેલાડીની પ્રતિબદ્ધતા, સતત મહેનત અને રમત પ્રત્યેના સમર્પણનું પ્રતીક છે. ભાર્ગવ ભટ્ટની આ સિદ્ધિ વડોદરા માટે ગૌરવની બાબત છે. તેમના સન્માન દ્વારા શહેરના રમતવીરોની સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી.

આ પ્રસંગે ભાર્ગવ ભટ્ટનું અભિવાદન કરી તેમની ક્રિકેટ કારકિર્દીની સિદ્ધિને બિરદાવવામાં આવી હતી.

આ અંગેની માહિતી ભાજપ વડોદરા મહાનગરના મીડિયા ઇન્ચાર્જ પાર્થ જોષી દ્વારા આપવામાં આવી હતી.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિ. Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. 501 અને 503, 5મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી પશ્ચિમ, મુંબઈ સબર્બન (જિલ્લો) મહારાષ્ટ્ર - 400072

વડોદરા બ્રાન્ચઃ યુનિટ નં. SF- 201, બીજો માળ, સિલ્વર ફોર્ચ્યુન બિલ્ડિંગ, જૈન મંદિરની પાસે, અકોટા કાઉ સર્કલ રોડ, અકોટા, વડોદરા, ગુજરાત - 390020

ગોધરા બ્રાન્ચઃ દુકાન નં. 3, પહેલો માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત - 389001

પરિશિષ્ટ IV કબજાની નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL) ના અધિકૃત અધિકારી છે, જે નાણાકીય સંપત્તિઓનું સિક્યુરિટાઇઝેશન અને પુનર્ગઠન અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) અધિનિયમ 2002 હેઠળ અને કલમ 13(12) સાથે વંચાણમાં લેવાયેલ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો 2002 ના નિયમ 3 હેઠળ મળેલ સત્તાઓની રૂએ, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા નીચે જણાવેલ ઉધાર લેનાર(ઓ) / ગેરેંટર(ઓ)ને નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવવા માટેની માંગણી નોટિસ(ઓ) જારી કરવામાં આવી હતી. ઉધાર લેનાર નાણાં ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, સહી કરનારને અત્રે ઉધાર લેનાર(ઓ) / ગેરેંટર(ઓ) અને સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે કે સહી કરનારે ઉપરોક્ત અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (4) સાથે વંચાણમાં લેવાયેલ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો 2002ના નિયમ 8 ની રૂએ તેમને પ્રદાન કરેલ સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો લઈ લીધેલ છે. ઉધાર લેનારનું ધ્યાન સુરક્ષિત અસ્ક્યાતોને છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે. ઉધાર લેનાર અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર વ્યાજ સહિતની રકમ માટે AHFLના ચાર્જ હેઠળ રહેશે.

અ. નં.	ઉધાર લેનાર(ઓ) / સહ-ઉધાર લેનાર(ઓ)નું નામ (બ્રાન્ચનું નામ)	સુરક્ષિત અસ્ક્યામતનું વર્ણન (સ્થાવર મિલકત)	માંગણી નોટિસ તારીખ અને રકમ	કબજાની તારીખ
1	(લોન કોડ નં. 03810000695 / વડોદરા બ્રાન્ચ) વિમલકુમાર ગુપ્તા (ઉધાર લેનાર) વૈશાલીબેન ગુપ્તા (સહ-ઉધાર લેનાર)	તે તમામ ટુકડો અને પાર્સલ મિલકત હાઉસ પ્લોટ નં. 25, ગ્રાઉન્ડ ફ્લોર, ગજાનંદ રેસિડેન્સી, હાલોલ ગોધરા રોડ, મોજે-કંજારી, તા.-હાલોલ, ડિસ્ટ્રિક્ટ-પંચમહાલ, ગુજરાત - 389350. ચતુર્સીમાઃ પૂર્વઃ મકાન નં. 26, પશ્ચિમઃ મકાન નં. 24, ઉત્તરઃ 6 મીટર પહોળો રોડ, દક્ષિણઃ કોમન પ્લોટ	03-06-2026 અને ₹ 21,64,499/-	18-10-2026
2	(લોન કોડ નં. 17610000309 / ગોધરા બ્રાન્ચ) પઠાણ હુસેન ખાન (ઉધાર લેનાર) પઠાણ રાઝિયાબીબી (સહ-ઉધાર લેનાર)	તે તમામ ટુકડો અને પાર્સલ મિલકત Gf, Ff હાઉસ નં. 11, પ્લોટ નં. 11 (1/565/Ca/3/A), ભિસ્તી ખાડી ફળિયા કાદીફળિયા, હુસેની મસ્જિદ પાસે, રેલવે કોલોની, તા.-ગોધરા, ડિસ્ટ્રિક્ટ-પંચમહાલ, ગુજરાત - 389001. ચતુર્સીમાઃ પૂર્વઃ ખુલ્લી ચાલ પહોળી 3 ફીટ, પશ્ચિમઃ પહોળો 6.00 મીટર રોડ, ઉત્તરઃ આર.એસ.નં. 1255ની મર્યાદા, દક્ષિણઃ પ્લોટ નં. 10	14-04-2026 અને ₹ 17,06,768/-	18-10-2026

સ્થળઃ ગુજરાત
તારીખઃ 20.10.2026

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિ.